ગાંધીનગર સમાચાર

તા. ૧૩-૩-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### કોલસા ગોટાળાનો રેલો મનમોહનસિંહ સુધી!

કોલસા ખાણોની નવેસરથી અદાલતની સૂચના મુજબ પારદર્શક હરાજી થઈ રહી છે ત્યારે પૂર્વ વડાપ્રધાન સામે સીબીઆઈની ખાસ પટિયાલા કોર્ટે રૂબરૂ હાજર રહેવાનું સમન કાઢી એમની મુશ્કેલીઓ વધારી મૂકી છે. આગામી દિવસોમાં પૂર્ણ વડાપ્રધાન પી.વી. નરસિંહરાવની જેમ ડૉ. મનમોહનસિંહને પણ આપણે અદાલતના આંટાફેરા લગાવવા જોઈ શકીશું. સીબીઆઈ આખરે તો કેન્દ્રીય ગૃહખાતાને અને વડાપ્રધાન કાર્યાલયને પૂછીને પાણી પણ પીતી હોય , તેની આ સાબિતી છે. મુલાયમસિંહ, માયાવતી અને લાલુપ્રસાદથી લઈ જયલલિતા કે મમતા બેનરજી અને નરેન્દ્ર મોદી સુધીના રાજકીય આગેવાનોને એનો કડવો અનુભવ થયેલો છે. સોનિયા ગાંધીની આગેવાની હેઠળ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ મનમોહનસિંહના ઘર સુધી પદયાત્રા યોજીને પાર્ટી એમની પડખે સંપૂર્ણ તાકાત સાથે ઊભી હોવાની પ્રતીતિ કરાવી છે. જે સીબીઆઈ કયારેક નરેન્દ્ર મોદી અને અમિત શાહની પાછળ આદુ ખાઈને પડી હતી તેણે નવા સત્તાધીશોના ઈશારા મુજબ નવા ગુનેગારો શોધી કાઢવાની પ્રવૃત્તિ શરૂ કરી દીધી છે. એ મુજબ હવે ડૉ. મનમોહનસિંહને પણ આદિત્ય બિરલા જૂથના વડા કુમારમંગલમ બિરલા અને તત્કાલીન કોયલા સચિવ પીસી પારખની સાથે આરોપીની જ કેટેગરીમાં સમાવાયા છે અને આગામી ૮ એપ્રિલના રોજ એમને પટિયાલા કોર્ટમાં હાજર રહેવાનું સમન પાઠવી દેવાયું છે. આને રાજકીય કિન્નાખોરી ગણાવી વખોડવાની કોશિશ પણ થશે. પરંતુ કોલસાની દલાલીમાં મિ. કલીન ગણાતા પૂર્વ વડાપ્રધાનના હાથ પણ અજાણતાં કાળા થયા જ છે, પછી ભલે જે કોઈ દબાણો હેઠળ કે રાજકીય કારણોસર હિન્ડાલકો ગ્રુપના માણગીદાર પર મહેરબાની વરસાવવી પડી હોય. છેવટે તો રેલો દડતો દડતો એમના પગ નીચે જ આવી ગયો છે. કાયદો કોઈને છોડતો નથી. મનમોહનસિંહ દેખીતી રીતે આખા દેશને નિર્દોષ જ લાગે પરંતુ અહીં એક અન્ય સરકારી એકમને ફાળવાયેલ કોલસાના બ્લોકનું પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિના આગ્રહને વશ થઈ હિન્ડાલકો કંપનીને ફાળવણીનું સાલ પેસી ગયું છે ત્યારે ઈમાનદાર પૂર્વ વડાપ્રધાનને પણ હવે અદાલતના ફેંસલાની જ રાહ જોવી પડશે. કુમાર મંગલમે બે પત્રો લખ્યા હતા - એક વડાપ્રધાનને અને બીજો કોલસા સચિવને મનમોહનસિંહનો વાંક એટલો કે એમણે કુમારમંગલમ બિરલાનો પત્ર ખાતા પર મોકલી આપ્યો હતો. સ્વાભાવિક રીતે જ એનો અર્થ ઉદ્યોગપતિ પ્રત્યે કૂણી લાગણી હતી એવો કાઢીને સીબીઆઈની સ્પેશિયલ કોર્ટે પૂર્વ વડાપ્રધાનને આરોપી બનાવવાનો આદેશ આપી સમન બજાવ્યું છે. તત્કાલીન કોલસા સચિવ સહિત કુલ છ વ્યક્તિઓને આરોપી બનાવાયા છે. ગુનામાં સંડોવણી સાબિત થતાં આજીવન કેદ સુધીની સજા થઈ શકે છે. જદ(યુ)ના શરદ યાદવ સહિત ઘણા બધા રાષ્ટ્રીય નેતાઓ મનમોહનસિંહને નિર્દોષ અને પવિત્ર ગણાવે છે. કોંગ્રેસ એમની પડખે અડીખમ ઊભી રહેશે એમાં પણ શંકાને સ્થાન નથી, પરંતુ આ ક્ષણે તો એમની યશોજ્જવલ પ્રતિભા સામે ખુદ અદાલતે જ આંગળી ચીંધી છે એ હકીકત છે. અગાઉ સીબીઆઈએ આખી તપાસને અંતે કલોઝર રિપોર્ટ ફાઈલ કરી દીધો હતો પરંતુ અદાલતે એને ગણતરીમાં લીધેલ નથી અને નવેસરથી તપાસના હુકમો કરી મનમોહનસિંહ જેવા ઓલિયા આદમીને મુસીબતમાં મૂકી દીધા છે. હવે નીચલી અદાલત ગુનામાં સામેલગીરી માનીને સજા કરશે તો પૂર્વ વડાપ્રધાનને ઉપલી અદાલતનો આશ્રય લેવો પડશે. જો કે સર્વોચ્ચ અદાલતના પ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રીઓ કેટીએસ તુલસી અને કપિલ સિબ્બલ સહિત ઘણાં બધા મનમોહનસિંહે ફક્ત કોઈની માગણીનો પત્ર ખાતા પર મોકલી આપ્યો એથી એ ગુનો ન ગણાય એ થિયરી પર દલીલો કરવા લાગ્યા છે. છતાં કોલસા ખાતાનો વધારાનો હવાલો તે સમયગાળા દરમિયાન એમની પાસે હોવાથી તેઓ સામે કેસ તો બને જ છે. ભાજપ સરકાર આવી મહામૂલી તક જતી થોડી કરે? ભાજપના અગ્રણીઓ મનમોહનસિંહ સામે સમન નીકળતાં ગેલમાં આવી ગયા છે અને કાયદો બધાને સરખી રીતે લાગુ પડવો જોઈએ એવી દલીલો કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે એમની ઉદાત્ત રાજનીતિનું પ્રદર્શન કરવાની સોનેરી તક ઊભી થઈ છે. જયારે આખી મેટર સબજ્યુડિસ છે ત્યારે એ વિશે કોઈ ભાગ્યે જ કશી ટિપ્પણી કરશે પરંતુ એક ઈમાનદાર નેતાને સંજોગોનો શિકાર બનતો જોઈ રાજી થનાર રાજકારણીઓ પ્રત્યે પણ પ્રજા માનસમાં સૂગ જ પ્રગટે છે, તે યાદ રાખવું જોઈએ.



### ઉર્જાદક્ષ સાધનોનું નિદર્શન

સમગ્ર વિશ્વમાં ઉર્જાનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. વિકાસના ઓથ હેઠળ ઉર્જાનો સોથ વળી રહ્યો છે. ઓફિસ કાર્યાલય સહિતની જગ્યાએ બિનજરૂરી વીજળી બાળવામાં આવે છે. નિસર્ગ સાયન્સ સેન્ટર સેક્ટર-૨૩ દ્વારા ઉર્જાનો જરૂર પુરતો ઉપયોગ કરવા અને સૂર્ય ઉર્જા ઉત્પન્ન કરવા સાધનોનું નિદર્શન યોજવામાં આવ્યું હતું. સેક્ટર-૧૫ ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે કૃષિ મેળામાં સૂર્ય ઉર્જા આધારીત સૂર્યકૂકર, સોલાર વોટરહિટર, સોલાર ડ્રાયર, નિર્ધૂમ ચૂલાનું નિદર્શન યોજ્યુ હતુ.

## સોજા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓને માસ્ક અપાયા વિદ્યાર્થીઓને ગોળ-ધાણા ખવડાવ્યા

ગાંધીનગર, તા. ૧૨

કલોલ તાલુકાની શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા ખાતે ધો. ૧૦ની શાળાંત પરીક્ષા એસ.એસ.સી.નો શાંતિપૂર્ણ રીતે શુભારંભ થયો છે. સોજા કેન્દ્રમાં સોજા સહિત આસપાસના સાત ગામના બાળકો પરીક્ષા આપી રહ્યાં છે. શાળાના મકાનમાં કુલ ૨૮ વર્ગખંડોમાં ૭૦૦ થી પણ વધુ બાળકો પરીક્ષા આપી રહ્યાં છે.

શાળાના પટાંગણમાં શરદી-ઈન્ફલુએન્ઝા-એચ-૧એન૧ની પ્રાથમિક સારવાર અને માહિતી પ્રસાર માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સોજાના સહયોગથી એક ટેન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને માસ્કનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. પરીક્ષાના શુભારંભ પ્રસંગે ગામના પ્રથમ નાગરિક એવા સરપંચશ્રી મોતીભાઈ પ્રજાપતિ, કેળવણી મંડળના સદસ્યશ્રીઓ-હોદેદારશ્રીઓ અને ગામના વયોવૃદ્ધ વડીલ-સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### મહિલા દિને 'તમન્ના' નાટક રજૂ કરાયું

વિશ્વ મહિલા દિન નિમિત્તે કડી સર્વ વિદ્યાલય સંચાલિત એમ.બી. પટેલ કન્યા શાળાના શિક્ષિકાઓ દ્વારા 'તમન્ના' નાટક ભજવવામાં આવ્યું હતું. (તસવીર : વિપુલ ચૌહાણ)

## અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા વિશ્વ મહિલા દિને પરિસંવાદ યોજાયો




ગાંધીનગર, તા. ૧૨

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ દ્વારા સે. ૧૨ વ્યવસાયી મહિલા છાત્રાલય ખાતે વિશ્વ મહિલા દિન નિમિત્તે વિશેષ પરિસંવાદ યોજાયો હતો. જેમાં જ્યોતિબેન થાનકી અને કૈલાસદીદીએ પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

કાર્યક્રમના આરંભે જ્યોતિબેને ગર્ભસ્થ મહિલાઓ ઉત્તમ સંતાન પ્રાપ્ત કરે છે અને સ્વસ્થ્ય સમાજના ઘડતરમાં સ્ત્રીની ભૂમિકા ખુબજ મહત્વની છે. એ બાબતે વક્તવ્ય આપ્યું હતું. જ્યારે કૈલાસદીદીએ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય બ્રહ્માકુમારી સમગ્ર વિશ્વમાં ફેલાયેલુ છે. અને તેનું સમગ્ર સંચાલન બહેનો દ્વારા જ કરવામાં આવે છે. સ્ત્રીએ પોતાની શક્તિ પીછાણી અને સમાજમાં પોતાનું સ્થાન શું છે એ બાબતે જાણકારી આપી હતી.

કાર્યક્રમમાં કારોબારી સભ્ય ચેતનાબેન બુચને ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરવા બદલ અને લીનાબેન મહેતાને વન્ડરવુમન કાર્યક્રમ યોજવા બદલ સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહિલા અગ્રણી લતાબેન ચોકસી, મીનાબેન શાહ, કુસુમબેન તન્ના, જશુબેન ઠક્કર, હર્ષાબા ધાધલ, ડૉ. નીતાબેન શેખાત સહિત મહિલાઓ હાજર રહી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયશ્રીબેન ખેતિયા અને આભારવિધિ શર્મીષ્ઠાબેન દવેએ કરી હતી.

## મકાખાડ ગામે ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓની એનએસએસ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એનએસએસ યુનિટની વાર્ષિક શિબિર તા. ૨૫મી ફેબ્રુઆરી થી તા. ૨જી માર્ચ દરમિયાન માણસા તાલુકાના મકાખાડ ગામે યોજવામાં આવી હતી. આ શિબિરમાં યુનિટની ૪૨ સ્વયં સેવિકાઓ જોડાઈ હતી.

વાર્ષિક શિબિરના ઉદઘાટન સમારભમાં હરિભાઈ ચૌધરી અને મકાખાડ ગામના સરપંચ રમણભાઈ ચૌધરી તેમજ આમંત્રિત મહેમાનો, કોલેજના આચાર્ય સહિત કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિર દરમિયાન વિવિધ કાર્યક્રમો જેવા કે ફિઝીયોથેરેપી કેમ્પ, હેલ્થ કાર્ડ અભિયાન, નેચરોથેરેપી સંવાદ અને અગ્નિકર્મ ઉપચાર, હરસ-મસા-ચામડીના રોગોનો નિદાન કેમ્પ, સ્ત્રી ગર્ભાશય કેન્સર પરિક્ષણ, ગ્રામ સફાઈ, વ્યસન મુકિત કેમ્પ અને સાંસ્કૃતિક કાર્યક્રમ વગરેનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાપન સમારોહમાં ગામના સરપંચ ઉપરાંત સંસ્થાના પ્રમુખ એમ.કે. ચૌધરી, ઉપપ્રમુખ સોંધાભાઈ ચૌધરી, આચાર્યા ડૉ. ઉમાબેન ચૌધરી, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો અને કોલેજ કર્મચારી ગણ વગેરે જોડાયા હતાં. આ શિબિરના પ્રોગ્રામ ઓફિસર ડૉ. એન.કે. પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## બીચ હેન્ડબોલમાં સિલ્વર મેડલ વિજેતા ગુજરાતની ટીમમાં સાંઈના ૪ ખેલાડીઓ

ગાંધીનગર, તા. ૧૨

કેરાલા રાજયના ત્રિવેન્દ્રમ ખાતે તાજેતરમાં યોજાયેલ ૩૫મી નેશનલ ગેમ્સ બીચ હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ૪ ખેલાડીઓ સહિત કોચ શશિમોહન ધુમાલે ભાગ લીધો હતો. આ ટીમે સિલ્વર મેડલ જીતી ગુજરાતનું નામ રોશન કર્યુ છે.

ગુજરાતની ટીમમાં ગાંધીનગર ખાતેની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ધ્રુવ પટેલ, મનદિપ, અંકિત અને બુટાસિંહ જોડાયા હતા. આ ટીમને સિલ્વર મેડલ પ્રાપ્ત થવા બદલ સાંઈના ડાયરેકટર રૂપકુમાર નાયડુએ અભિનંદન પાઠવ્યા છે. ટીમના આ સિદ્ધિના કારણે સમગ્ર સાંઈ સંકુલમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

## કોમેડી કિંગની કમાલ...વૉશિંગ મશીનમાં હાસ્યનો જયુસ પીલીને પીવરાવ્યો...!

### આર્ટ લવર્સના રંગોત્સવનો હાસ્ય દરબાર ધૂળેટીએ વ્યંગના રંગ છાંટી ગયો : જીતુભાઈ દ્વારકાવાળા, મહેશ શાસ્ત્રી અને નિરવ મહેતાની ત્રિપુટીએ હળવી અને અરસપરસ બનતી ઘટનાઓમાંથી હાસ્ય નિપજાવી શ્રોતાઓને સતત હસતાં રાખવામાં સફળ રહ્યાં

હોળી અને હાસ્યને સીધો સંબંધ છે. રંગોની છોળો અને મજાકમસ્તીથી આ તહેવાર પ્રસિદ્ધ છે. ગુજરાતમં ધૂળેટીએ ભાભી-દિયર, મિત્રો, પાડોશીઓ નાત-જાત-ઉંમરના બંધનો ફગાવીને દરેકના ગાલે ગુલાલ લગાડી ગમતાનો ગુલાલ કરે છે... ઉત્તર ભારતના રાજયોમાં વ્યંગ કવિ સંમેલનો આ હોળીએ વિશેષ રીતે ઉજવે છે. ગાંધીનગરની આર્ટ લવર્સ સંસ્થાએ પણ ધૂળેટીએ રંગો સાથે હાસ્ય-વ્યંગનો કાર્યક્રમ કરવો એવી પ્રણાલી બનાવી છે. છેલ્લા દસ વર્ષથી દરેક હોળી-ધૂળેટીએ તેઓ રંગોત્સવ ઉજવે છે. હજી ગયા વર્ષે જ શાહબુદ્દીન રાઠોડ અને જગદીશ ત્રિવેદી ધૂળેટી ઉજવવા આવ્યાં હતા અને આ વર્ષેય હાસ્યનો દરબાર સજાવતાં એવાં જ પ્રસિદ્ધ ત્રણ કલાકારો હાસ્યના રંગનો દાબડો લઈ આવ્યાં.

હાસ્યનો દરબાર સજાવવાં ત્રણ વિવિધ ક્ષેત્રનાં હાસ્યના મહારથી જીતુભાઈ દ્વારકાવાળા, મહેશ શાસ્ત્રી અને નિરવ મહેતા આવ્યાં હતા. સંસ્થાના પૂર્વ પ્રમુખ ગનીભાઈ વાડિયાએ કલાકારોનો સવિસ્તાર પરિચય કરાવ્યો. જીતુભાઈ દ્વારકાવાળાએ વન લાઈનર જૉકથી પહેલી લાઈનથી બધાને દાંત બતાવતાં કરી દીધાં... ચાઈનાના પ્રમુખ જિનપિંગ ભારતની મુલાકાતે આવ્યાં છે, તો બોલો ઓરિજીનલ કયારે આવશે? શિવરાત્રીના મેળાનાં નાગા બાવાનું ખિસ્સું કપાયું, નેપાળમાં કયારેય ચોરી ન થાય કારણ બધાં ગુરખાં જ રહે છે. પંજાબમાં હજામની દૂકાન નથી, બધાં દાઢી-વાળ વધારે જ છે. આગળ બહ્મચારીનો છોકરો ભાગી ગયો, ચાર બહેનો શાંતિથી બેઠાં હતાં... કાર્યક્રમને વધારવાં એમણે મહેશ શાસ્ત્રીને માઈક સોંપી દીધું.

'વેરાન થઈ ગયું આ ઘર તમારાં ગયા પછી, કોને કહું આ વાત તમારાં ગયાં પછી' જેવી ફિલસૂફી ધરાવતાં મહેશ શાસ્ત્રીએ ગુજરાતી નૈસર્ગિક હાસ્ય કલાકાર. 'પ્રિત પિયુને પાનેતર' નાટકથી પ્રસિદ્ધિ પામેલા આ કલાકારે જામી પડેલા જમાઈ રાજ, અંતરના એકમ, બૈરી મારી પરમેશ્વર, જરા જોતા રહેજો. જેવાં પ્રસિદ્ધ નાટકોમાં કામ કરેલું છે. ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત મહેશ શાસ્ત્રી ૭૪માં વર્ષે પણ બીલકુલ વાતચીતની ભાષામાં વાત કરીને શ્રોતાઓને હસાવી શકે છે.

હાસ્ય અને રૂદન વચ્ચે વાળ જેટલી પાતળી ભેદરેખા છે. એમણે બહુ સરસ વાત કરી કે, 'મારા પાંપણને તાંતણે મેં બાંધ્યો તો રોયાને, તોય મૂઓ મારો ના થ્યો, કોણ જાણે કેમ આજ દિલ દઈ બેઠો ઓલી જાર ઉંચકનાર ને...' માણેક ચોકમાં નાકે બેઠેલાં મહેશભાઈને એક બહેન રોજ પૂછ્યા કરે તેમ કાન્તીભાઈને? છેલ્લે એમણે કંટાળીને 'હા' પાડી તો બેન બોલ્યા, લાગતાં તો નથી! ... એક ભાઈ મરી ગયા, એમની નનામી લઈને નીકળ્યા, એક ભાઈએ પૂછ્યું, 'પતી ગયાં, ના ના.. આ તો એમને રિક્ષામાં ફાવતું નથી એટલે ખભે ફરવ નીકળ્યા છીએ.'

રાયપુરમાં એક ચવાણાની નવી દુકાન ખોલી. 'અહીં તાજુ ચવાણું મળશે.' એ પાટીયાની વાત પરતો વિવિધ ગ્રાહકોની વાત કરી ખડખડાટ હસાવી દીધાં... એક ગ્રાહકે ફોટોગ્રાફરને કહ્યું કે મારો પાસપોર્ટ સાઈઝનો ફોટો પાડો, પણ એમાં બૂટ દેખાવા જોઈએ. ફોટોગ્રાફ સ્માર્ટ હતો એણે કહ્યું બુટ માથે મૂકી દો... બેંકમાં એક કસ્ટમરને કીધું કે, 'તમારા ખાતામાં બેંક બેલેન્સ નથી.' બેંકમાં બેલેન્સ નથી તો બંધ કરી દોને ચાલુ શું કામ રાખો છો? એક ફોરેનર લેડીને કાકરીયાં તળાવ બતાવ્યું અને કહ્યું ધીસ ઈઝ તળાવ. પેલીએ કહ્યું 'વાવ.' ગાંડી વાવ નહીં તળાવ. કેવું લાગ્યું. પેલી બોલી 'નાઈસ.' લે તું નાહીશ હુંય નાઈસ... એમની કહેવાની સ્ટાઈલ એવી કે હસ્યા વગર રહી ન શકાય.

પ્લેનમાં એર હોસ્ટેલે ડ્રિંક્સ આપીને કીધું કે, 'આઈસ,' ગુજરાતીભાઈ બોલ્યાં તું આઈસ તો હું પણ આઈસ. મહેસાણાના ભાઈને પોલીસે પૂછ્યું, 'થેલામં શું છે' બોમ. પોલીસે એને ધોઈ નાખ્યો, અને થેલો ખોલીને જોયું તો બામની શિશિઓ... ગુજરાતી કે મારી પત્ની તો દેવી છે. સૌરાષ્ટ્ર વાળો બોલ્યો દેવી તો મારેય છે, પણ કોઈને કયાં લેવી છે? એક ભાઈ ડૉકટર પાસે પહેલીવાર ગયા. કે નવા કેસના ૩૦૦ અને જૂનાના ૧૦૦. દર્દી બોલ્યાં હું તો જૂનો છું. ડૉ. બોલ્યા એક કામ લાવો ૧૦૦ રૂ. અને જૂની દવા જ ચાલુ રાખજો... મહેશ શાસ્ત્રીએ મોજ કરાવી દીધી...




વડોદરાના જાણીતા મિમિક આર્ટીસ્ટ નિરવ મહેતા આવ્યો.. અમિતાભ અવાજમાં કેસીબીની મજા કરાવી. ગુજરાતમાં સવારથી ફાફડાં, ખમણ, ઢોકળાં, ગાંઠીયા ખાઈને એરપોર્ટ પહોંચ્યા બાદ એટલું જ બોલ્યા, 'અબ દેખો યહ ખુશ્બુ ગુજરાત કી...' કેટલાક ગુજરાતી લખવમાંય લોચાં મારે છે કેટરીના લખવાનું કહીએ કુત્રીના લખે. સુરતી ભાષાની ગમ્મત કરાવી અને એમા ગલ્લે કિક્રેટની કોમેન્ટ્રી, જીત્યા બાદ, ધવનને ઓપનીંગમાં મોકલવાનો આઈડિયા આપણો. રોહિતને આપણે જ ઈન કરાવ્યો. હાર્યા બાદ આ કોહલીને કાઢો, અનુષ્કાના રવાડે ચઢ્યો ને રમતની બા-બેન એક કરી નાંખી... ક્રિકેટ કોમેન્ટ્રી અમિન સાયાની અને એણાં જાહેરાત, શાહબુદ્દીન રાઠોડમાં તો કલાકારે રંગ રાખ્યો અને વન્સમોરની દાદ મેળવી ગયાં...

ભાઈ... ભાઈ.... કહીને જીતુભાઈ દ્વારકાવાળા તરત નજર સમક્ષ દેખાય. ભોળો ચહેરો અને મીઠી વાણી, બહેનોને અને પત્નીને તો ભગવાન જ પૂગે, ચા મા આદૂ પણ ચાવીને નાખે.. એક ભક્ત ભગવાનને પ્રાર્થના કરતો હતો. દ્રૌપદીને ચિર પૂર્યા, અર્જુનનો સારથી બન્યો તો મારા મોબાઈલમાં બેલેન્સ તો કરાવી આપો... એક વાર ઘરે મહેમાન ખુબ આવ્યાં, પત્નીએ કહ્યું જ્યુસ બનાવું. નાના મિક્ષરમાં મોટા બાર ગ્લાસ લઈને હાજર થઈ ગયાં. પતિએ પૂછ્યું, આટલું ઝડપી કેવી રીતે બનાવ્યું, તો કહે કે, વૉશિંગ મશીનમાં! આ જૉક ખૂબ જામી ગઈ...



બાળક સારું કામ કરે તો માતાનું નામ અને ખરાબ કરે તો પિતાનું નામ... બેંક અને બેન બંને પાસે પૈસા સચવાય. બેંક પાસેથી પાછાં મળે પણ બેન પાસેથી ન મળે... એક ભાઈ રોજ સવારે ખાંડની બરણીનું ઢાંકણું ખોલે અને બંધ કરી દે, એની પત્નીએ પૂછ્યું, કે શું કરો છો? તો ભાઈ બોલ્યા ડૉકટરે શુગર ચેક કરવાનું કીધું છે.. ઘડિયાળ અને વ્યાજ તમે સૂઈ જાવ તો પણ ચાલું રહે... ચંબલના ડાકુ બેંક લૂંટવા ગયા. પણ બંદુક લઈ જવાનું ભૂલી ગયા. મેનેજર બહુ ભલો હતો, કાંઈ વાંધો નહીં તમ તમારે પૈસા લઈ જવા, બંદૂક કાલે બનાવી જજો!

એક ચોર ચોથી વાર પકડાઈને મેજીસ્ટ્રેટ સામે હાજર થયો. જજ બોલ્યાં તને શરમ નથી આવતી. ચોર બોલ્યો સાહેબ તમારું પ્રમોશન ન થાય એમાં હું શું કરું...? વાણીયા બુદ્ધિશાળી, કુવામાં પડે તોય પહેલાં નાહી લે અને પછી બચાવોની બુમો પાડે... લક્ષ્મી આવે ત્યારે રૂપાળી લાગે અને પતોની જયાર ત્યારે રૂપાળી લાગે... ભીખારી ભગવાનને કહે ૩૩ કરોડ દેવી દેવતા છે, મને એક એક રૂપિયો આપો તોય કલ્યાણ થઈ જાય... કૃષ્ણને ડાયાબિટીશ હતો, કારણ દૂર્યોધનના માવા-મીઠાઈ છોડીને એ વિદૂરની ભાજી ખાવા ગયા હતાં!! જીતુભાઈ એકધાર્યા શ્રોતાઓને હસાવવાંમાં સફળ રહ્યાં...

મહેશ શાસ્ત્રીએ બીજી ઈનિંગ હોટેલની વાત સાથે શરૂ કરી. હોટલમાં કીધું પાલક પનીરનું શાક છે, તો પનીર કયાં છે? વેઈટર બોલ્યો ગુલાબજાંબુમાં ગુલાબ દેખાય છે. દારૂ પીવો, તો શરદી જાય, ખરેખર જાય? અરે મારા, ત્રણ ઘર જતાં રહ્યાં તો શું શરદી નહીં જાય? ગંધાતું ગાઉનથી પેશન્ટ બેભાન કરી દીધો. ડૉકટરે બહેનને કીધું નવું ગાઉન આપું પણ આ તો નહીં જ આપું, અમારે ઈમર્જન્સીમાં કામમાં આવે...! છોકરી પસંદગીમાં બહુ નખરાં નહીં કરવા, નહીં તો લકઝરીની રાહ જોવામાં સાદી બસ પણ જતી રહેશે... કૂતરું ચપ્પલ ચાવીને ખાય એમ પિત્ઝા ખાવા પડે છે... વાહ મહેશ શાસ્ત્રી વાહ એમ બોલવું જ પડે એમ પરફોર્મન્સ...

નિરવ મહેતા બીજા રાઉન્ડમાં વિવિધ ગાયકોની ગાયકી સાથે આવ્યાં. રફી - હાં તુમ મુઝે યું ભૂલા ના પાઓગે, કિશોર - ઘૂંઘરું કી તરફ બજતાં હી રહાં હું મૈં, મુકેશ - જોન કહાં ગયે વૉ બાતો કા કયાં, તલત-રાતને કયા કયા ખ્વાબ દિખાયે, હેમંત કુમાર - જાને વૉ કેસે લોગ થે જીનસે પ્યાસ સે પ્યાર મિલા, સાયગલ - જબ દિલ હી તૂટ ગયા, હમ જી કે કયાં કરેગેં.. બધે બધાં ગીતો મસ્ત અવાજ કાઢીને ગાયા...

વિતેલા જમાનાના કલાકારો કુલભૂષણ ખરબંદા, ઓમ પુરી, અમરીશપુરીનો ડાયલોગ... દેવદાસનો ડાયલોગ ધર્મેન્દ્ર, રાજકુમાર, પરેશ રાવલના અવાજમાં જામી ગયાં... હોળી-ધૂળેટીના ધમાલમાં આ ત્રણેય વેરાઈટી કલાકારોએ ખરા અર્થમાં મોજ કરાવી દીધી... આર્ટ લવર્સના હૃષીકેશ ભટ્ટ, રાજન શાહ નિમેષ રાવલ અને સૌ ટીમ મેમ્બર્સ હોળીને હાસ્યના રંગે રંગવા માટે અભિનંદનને પાત્ર છે... દર વર્ષની જેમ જ આ વર્ષેય આર્ટ લવર્સનો રંગોત્સવ જામી ગયો.